આજ અમે ગ્યા તા, મણિયારાને દેશ રે... આ આંખલડી રાતી ને...

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૧૯૬ ૨૭ સપ્ટેમ્બર, ૨૦૧૪, શનિવાર; આસો સુદ - ૩ પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## NEWS બિટ્સ

**● જન-ધન યોજના અંતર્ગત ગુજરાતમાં નવા ૧૪ લાખ ખાતા ખુલ્યાં**

પ્રધાનમંત્રી જન-ધન યોજના હેઠળ ગુજરાતના ૮ લાખ પરિવારોને આવરી લેવામાં આવ્યા છે. આ યોજના તા. ૧૫મી ઓગસ્ટે લોન્ચ કરવામાં આવી હતી અને અત્યાર સુધીમાં રાજ્યમાં આ યોજના હેઠળ નવા ૧૪ લાખ બેંક ખાતા ખુલી ચુક્યાં છે. આ આંકડો રાજ્ય સ્તરની બેન્કર્સ સમિતિ દ્વારા જાહેર કરાયો છે. હજુ આગામી તા. ૨૬મી જાન્યુઆરી સુધીમાં ૨૮ લાખ બેંક એકાઉન્ટ ખોલવાનું આયોજન કરવામાં આવ્યું છે.

**● માઈક્રોસોફ્ટ ૧૦ લાખ મહિલાઓને સ્માર્ટ ફોન ઓપરેટ કરતા શીખવશે**

સોફ્ટવેર ટેકનોલોજીમાં વિશ્વની અગ્રગણ્ય કંપની માઈક્રોસોફ્ટના ભારતીય એકમ દ્વારા આગામી દિવસોમાં ૧૦ લાખ મહિલાઓને ટેકનોલોજીનું જ્ઞાન આપવાનો નિર્ધાર કર્યો છે. આ અંતર્ગત માઈક્રોસોફ્ટ મહિલાઓને સ્માર્ટ ફોન ઓપરેટ કરતા શીખવાડશે. કંપની દ્વારા 'ટેકનોલોજીમાં મહિલાઓ' કાર્યક્રમમાં આ યોજનાનો પ્રારંભ કર્યો હતો અને શરૂઆતમાં શાળા અને કોલેજની વિદ્યાર્થીઓને જ્ઞાન આપવાનું આયોજન કરવામાં આવ્યું છે.

**● ફેસબુક પર એક કરોડથી વધુ બોગસ એકાઉન્ટસ્ હોવાનો દાવો**

આજકાલ સોશિયલ મીડીયાએ રોજીંદા જનજીવનનું અંગ બની ગયું છે. જો કે સોશિયલ નેટવર્કીંગમાં સૌથી મોટી સાઈટ ગણાતી ફેસબુક પર દુનિયાભરમાં એક કરોડથી વધુ બોગસ એકાઉન્ટ હોવાનો દાવો કરાયો છે. કંપનીએ પોતાના ત્રિમાસિક ગાળાના રિપોર્ટમાં કેટલીક ચોંકાવનારી વિગતો જાહેર કરી છે. આ રિપોર્ટમાં અનાવરી એકાઉન્ટસની સંખ્યા ભારત અને તુર્કી જેવા વિકાસશીલ દેશોમાં વધુ હોવાનો દાવો પણ કરાયો છે.

**● સીંગાપુરમાં એશિયાનું પ્રથમ ગોલ્ડ એટીએમ મુકાયું**

સીંગાપુરમાં હવે એશિયાનું પ્રથમ ગોલ્ડ એટીએમ મશીન ઈન્સ્ટોલ કરાયું છે. આ એટીએમમાં ૧ ગ્રામ અને ૧૦ ગ્રામ ગોલ્ડ જ્વેલરી ઉપલબ્ધ રહેશે. આ મશીન એશિયા ગોલ્ડ એટીએમ કંપની દ્વારા ઈન્સ્ટોલ કરાયાં છે. આ એટીએમ મશીનમાં ૧૦ ગ્રામ ગોલ્ડ વેરાયટી માટે ૧૦૦ ડોલર અને ૧૦ ગ્રામ ગોલ્ડ વેરાયટી માટે ૬૬૦ ડોલરની કોસ્ટ રાખવામાં આવી છે.

LED, LCD & Colour TV રીપેરીંગ

સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ

બ્લોક નં. ૩૧૬, ડબલ ડેકર, ચંદ્ર ફોટો સ્ટુડિયોની લાઈનમાં, બીજા માળે, સેક્ટર-૨૪, ગાંધીનગર

ફોન : ૨૩૨૮૭૧૧૫

મો. : ૯૭૧૪૧ ૯૮૩૬૬,

મો. : ૯૪૨૬૨ ૭૦૪૮૧

# શહેરમાં નવરાતનો ઉમંગભેર પ્રારંભ

## શેરી ગરબામાં ગરબાની રમઝટ જામી : કલ્ચરલ ફોરમમાં ખેલૈયાઓ આકર્ષણનું કેન્દ્ર બન્યા : ઉચ્ચ અધિકારીઓ અને ડોકટરો પણ નવયૌવન સાથે થિરકતા પગે જોવા મળ્યા : ગરબા નિયમ મુજબ ૧૨ના ટકોરે બંધ







(તસવીર સૌજન્ય : હિરેન ભટ્ટ)

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગરમાં નવરાત્રના પ્રારંભથી જ સેકટરોની શેરીઓમાં અને પાર્ટી પ્લોટમાં ગરબાની રંગત જામી હતી. પહેલા નોરતે જ ખેલૈયાઓએ ગરબાની રમઝટ બોલાવી હતી. શેરી ગરબાઓમાં રોશનીની ઝાકમઝોળ વચ્ચે માતાજીની આરતી બાદ સેકટરવાસીઓ ગરબે ઘુમ્યા હતા જયારે કલ્ચરલ ફોરમના વિશાળ ગરબા મેદાનમાં પણ રંગબેરંગી રોશનીથી સજ્જ ભાતીગળ વસ્ત્રોમાં ગરબે ઘુમતા ખેલૈયાઓએ આકર્ષણ જમાવ્યું હતું. યુવા ખેલૈયાઓ સાથે ઉચ્ચ અધિકારી, ડૉકટરો તેમજ નગરના અગ્રણીઓ પણ ગરબા મેદાનમાં થિરકતા પગે જોવા મળ્યા હતા. વિશાળ ગરબા મેદાન ઉપરાંત પાર્કીંગની યોગ્ય જગ્યા સહીતના સાનુકળ વાતાવરણના લીધે ગરબા પ્રેમીઓનો ઉત્સાહ બેવડાયો છે.

શહેરમાં નવરાત્રિ મહોત્સવનો ધમાકેદાર પ્રારંભ થયો હતો. પહેલા નોરતાથી જ સેકટરે સેકટરે ગરબાની રમઝટ જામી હતી. માતાજીના ગુણગાન અને આરતી બાદ ઢોલના તાલે સેકટરવાસીઓ ગરબે ઘુમ્યા હતા. શહેરના સે-૩, ૪, સે-૧૭, સે-૨૨ અને સે-૨૪માં શેરી ગરબામાં વિશેષ રોનક જોવા મળી હતી. પહેલા નોરતે જ સોળે શણગાર સજી ગરબે ઘુમતા નવયૌવનમાં અનોખો ઉત્સાહ જોવા મળ્યો હતો. શેરી ગરબાઓની સાથે પાર્ટી પ્લોટમાં પણ ગરબે ગુમતા ખેલૈયાઓએ ધૂમ મચાવી હતી. કલ્ચરલ ફોરમના વિશાળ ગરબા મેદાનમાં મોકળાશભર્યા વાતાવરણમાં ખેલૈયાઓ ઉત્સાહથી ગરબે ઘુમ્યા હતા.

● અનુસંધાન પાન-૭ પર

# પાર્ટી પ્લોટમાં બિનવારસી ચીજવસ્તુઓ અંગે પોલીસને જાણ કરવી

## બંધ ઘરમાં કીમતી દાગીના કે રોકડ રકમ રાખવી નહી, સાવચેતી અને સલામતીને લઈ પોલીસની પત્રિકા

ગાંધીનગર, તા. ૨૬

નવરાત્રી દરમિયાન તસ્કરી વૃત્તિને ડામવા તેમજ આમ નાગરિકોને સલામતીને ધ્યાને લઈ જિલ્લા પોલીસતંત્ર દ્વારા સેકટરોમાં જનજાગૃતિ કેળવવા તકેદારીના પગલા સંદર્ભે પત્રિકાનું વિતરણ કરવામાં આવ્યું છે. ખેલૈયાઓને કીંમતી ઘરેણા પહેરી ગરબે ન ઘુમવા તેમજ બંધ ઘરોમાં કિંમતી દાગીના કે રોકડ રકમ ન રાખવા પણ જાણાવાયું છે.

નવરાત્રી દરમિયાન આમ નાગરિકોમાં સાવચેતીની સાથે સલામતીનો અભિગમ કેળવાય તેવા આશયથી જિલ્લા પોલીસતંત્ર દ્વારા પત્રિકા સ્વરૂપે કેટલાક મહત્વના મુદ્દે નાગરિકોને સાવધાની વર્તવા જણાવાયું છે. જેમાં જણાવ્યા મુજબ રાત્રી દરમિયાન ગરબા નિહાળવા જતા પહેલા ઘરે કોઈ કીંમતિ દાગીના અને રોકડ રકમ ન રાખવા પણ જણાવાયું છે. બેંક લોકરમાં અથવા અન્ય કોઈ જગ્યાએ કીંમતી વસ્તુ રાખવા નાગરિકોને જણાવાયું છે. આ ઉપરાંત ખેલૈયાઓને કીંમતી દાગીના સાથે ન રાખવા અને ગરબા સંકુલમાં કોઈ વ્યક્તિની શંકાસ્પદ હરકત જણાય તો નજીકના પોલીસ સ્ટેશને સંપર્ક કરવા જણાવાયું છે. આ ઉપરાંત ગરબામાં જતા પૂર્વે ઘરની આજુબાજુની લાઈટો ચાલુ રહે તેવી વ્યવસ્થા કરવા ઉપરાંત બાળકોના ખિસ્સામાં રહેઠાણનું પુરૂ સરનામુ અને મોબાઈલ નંબરની ચિઠ્ઠી મુકવા પણ પોલીસે સૂચન કર્યું છે. ગરબાના પાર્કીંગમાં વાહનને યોગ્ય રીતે લોક કરી અંદર કોઈ કિંમતી ચીજવસ્તુઓ ન રાખવા પણ પોલીસતંત્ર દ્વારા જણાવાયું છે. જ્યારે પાર્ટી પ્લોટમાં બિનવારસી પડેલી મોબાઈલ, ટીફીન, રમકડા, લેપટોપ સહીતની ચીજવસ્તુઓ અંગે પોલીસ કે સિક્યુરીટીને જાણ કરવા પણ જણાવાયું છે.



વાયબ્રન્ટ નવરાત્રિ - ગુજરાત સરકાર અને ઉદ્યોગગૃહો દ્વારા ઉજવાતી વાયબ્રન્ટ નવરાત્રિનો ગઈકાલે ધમાકેદાર પ્રારંભ થયો હતો... ગરબાની અવનવી કૃતિઓ પ્રસ્તુત કરાઈ હતી. જુદાજુદા કલાવૃંદો દ્વારા ગરબાની અભિવ્યક્તિને પ્રેક્ષકોએ ઉલ્લાસભેર વધાવી હતી. માતાજીના ગરબાની ઉત્પતિથી લઈ આધુનિક ગરબા સુધીની કૃતિઓના સંકલિત કાર્યક્રમે સૌને મંત્રમુગ્ધ કર્યા હતા. મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ સહિત મંત્રીમંડળના સભ્યો અને ઉદ્યોગપતિઓ, અધિકારીઓ અને કલાકારો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# સ્વચ્છતા અભિયાનમાં યોગદાન આપવા અપીલ

## રજી ઓક્ટોબરથી સ્વચ્છતા અભિયાનનો આરંભ કરાશે

ગાંધીનગર, તા.૨૫

કેન્દ્ર સરકારે દેશમાં સ્વચ્છતા અભિયાનની એક વ્યાપક લોક ઝુંબેશ હાથ ધરી છે. શરૂઆતના તબક્કામાં એટલે કે ૨૫મી સપ્ટેમ્બર ૨૦૧૪થી ૨જી ઓક્ટોબર, ૨૦૧૪ સુધી અભિયાન અંગેની પ્રાથમિક તૈયારીઓ રાજ્યોની વહીવટીતંત્ર દ્વારા હાથ ધરાશે, જેથી તા. ૨જી ઓક્ટોબર, ૨૦૧૪થી સ્વચ્છ ભારત અભિયાન દેશભરમાં હાથ ધરી શકાય.

આ ઝુંબેશના પ્રથમ ચરણમાં તા. ૨જી ઓક્ટોબરથી ૩૧મી ઓક્ટોબર, ૨૦૧૪ સુધી રાજ્યવ્યાપી સ્વચ્છતા ઝુંબેશ હાથ ધરાશે અને ત્યારપછીના તબક્કામાં રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મજયંતિ ૨જી ઓક્ટોબર, ૨૦૧૯ સુધી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ, સરકારી એજન્સીઓ, સેવાભાવી સંસ્થાઓ તથા લોક સહકારથી સઘન રીતે હાથ ધરવામાં આવનાર છે.

ગુજરાતના રાજ્યપાલ ઓપી કોહલીએ ગુજરાતના તમામ નાગરીકોને આગ્રહભરી અપીલ કરી છે આ સ્વચ્છતા અભિયાનમાં સરકારને સહયોગ આપી આપણે આપણા ગામો-શબેરો તથા સમગ્ર રાજ્યને સ્વચ્છ અને સુંદર બનાવીએ.




# 'ગબ્બર' બનાવી મહોલ્લાં માતાની આરાધના

## ભૂલકાંઓ દ્વારા ભક્તિ અને સર્જનાત્મકતા સાથે ખિલવે છે

ગાંધીનગર, તા.૨૩

આદ્યશકિત મા જગદંબાના આરાધના પર્વ નવરાત્રિના આડે હવે માત્ર એક જ દિવસ બાકી છે ત્યારે ગાંધીનગરના અબાલવૃધ્ધ સૌ કોઈ આ ઉત્સવને પોતાની રીતે મન ભરીને માણવા સજ્જ થઈ ગયા છે. નગરના ભૂલકાંઓએ મોટેરાંઓની નવરાત્રિના આયોજનો સાથે જ પોતાના 'ગબ્બર' બનાવી મહોલ્લા માતાની સ્થાપના કરી આ નવલી નવરાત્રિમાં ભકિતના પાઠ સાથે તેમની ક્રિએટીવીટી પણ ખીલવી રહ્યાં છે. જ્યારે નગરના વડીલો આ શકિતની ઉપાસના પર્વે નકોરડા ઉપવાસથી લઈને માતાજીની ધૂનમાં જોડાવા સુધીની તૈયારીઓ કરી ભકિતના રંગે રંગાવા સજ્જ થઈ રહ્યાં છે.



(તસવીર : કશ્યપ નિમાવત)

હિન્દુ સંસ્કૃતિમાં બાળકને નાનપણથી જ વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા ધાર્મિકતા અને ઈશ્વરની ભકિતના પાઠ શીખવાડવામાં આવે છે બાળકોને રસ પડે તે રીતે તેઓ રમતા રમતા ધર્મના સંસ્કાર અંગીકાર કરતાં જાય છે. નવરાત્રિમાં ભૂલકાંઓ દ્વારા માતાજીનો ગબ્બર બનાવી તેને મોટેરાઓની જેમ સજાવટ કરે છે અને તેમાં માતાજીનો ફોટો મુકી જેવી આવડે તેવી રીતે પુજા આરતી કરે છે અને પ્રસાદ વહેંચે છે. આ પ્રવૃત્તિ દરમિયાન બાળકો સંગઠિત થઈ કામ કરવાનું, ઉઘરાવેલા પૈસા દ્વારા ગબ્બર બનાવવા ચીજવસ્તુઓ, પ્રસાદ વગેરે લાવી પૈસાનું મેનેજમેન્ટ અને પૂજા આરતી દ્વારા ભકિતનું મહત્વ શીખે છે. વળી આ ગબ્બર બનાવવામાં વિવિધ આઈડીયા વાપરી તેમની કલ્પના શકિત અને સર્જનાત્મકતાને ખિલવવાનું કાર્ય કરે છે એટલે વડીલો પણ હોંશે હોંશે આ કામમાં સહયોગ અને પ્રોત્સાહન પુરું પાડે છે. હાલ નગરમાં દરેક ચોકઠે બાળકો 'ગબ્બર પર્વત' બનાવવામાં વ્યસ્ત જણાઈ રહ્યાં છે. અને જયારે નવરાત્રિ દરમિયાન મોટેરાઓ આરતી કરશે ત્યારે તેઓ તેની સમાંતર પોતાના મહોલ્લા માતાજીની આરતી કરી પ્રસાદ પણ વહેંચશે. હાલમાં ચાલી રહેલી પરીક્ષાઓ માંથી પણ સમય કાઢીને બાળકોએ સુંદર ગબ્બર તૈયાર કર્યા છે સાથે અનેક આશ્ચર્યજનક સર્જનો પણ બનાવી રહ્યાં છે.

બાળકોની સાથે સાથે વડીલો પણ નવરાત્રિમાં ધાર્મિક મહાત્મ્યનો લાભ ઉઠાવી આદ્યશકિતની આરાધનામાં લીન થવા તૈયાર થઈ ગયાં છે. ગાંધીનગરમાં મોટી ઉમરના વડીલો નવરાત્રિ દરમિયાન નકોરડા ઉપવાસ કરી અને માતાજીની સ્તુતિ-ભજનો-ગરબા ગાઈ ભકિત કરે છે. વળી વિવિધ જગ્યાએ આઠમના દિવસે હોમ હવન અને અનુષ્ઠાનનું પણ આયોજન કરવામાં આવે છે. અનેક ઠેકાણે માતાજીના મંદિરોમાં નવરાત્રિ નિમિત્તે ભજનો-આનંદના ગરબા અને ધૂનના કાર્યક્રમો પણ યોજવામાં આવી રહ્યા છે અને શ્રધ્ધાળુઓ તેમાં ભાગ લઈ માતાજીની ઉપાસના કરવાનો લ્હાવો ઉઠાવે છે.

ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી.

મધુર ડેરી, સેક્ટર-૨૫, 'ક' રોડ, ગાંધીનગર

ફોન : ૨૩૨૮૭૧૩૪ થી ૩૮, ફેક્સ : ૨૩૨૮૭૧૪૦

નવરાત્રી પર્વ નિમિત્તે મધુર પ્રસાદીયા પેંડા

: મધુર પ્રોડક્ટો :

મોહનથાળ, મગસ, ટોપરાપાક, રજવાડી હલવો, કાજુકતરી, ઈલાયચી પેંડા, કેશર પેંડા, કાજુ બરફી, શીખંડના પ્રાપ્તિ સ્થાનો

કામધેનુ પાર્લર :

(૧) મેઈન ગેટ, સે-૨૫
(૨) મધુર પાર્લર ઘ-૫, સે-૨૩ કોર્નર
(૩) મધુર પાર્લર સે-૨૮, ગાર્ડનની સામ
(૪) મધુર પાર્લર સે-૧૬, પાટનગર યોજના ભવન
(૫) મધુર પાર્લર સે.૨૧/૨ વિશ્વકર્મા બિલ્ડીંગ
(૬) મધુર પાર્લર સે.૨૧/૧ રીલાયન્સ મોલની સામે
(૭) મધુર પાર્લર સે-૭ શોપીંગ સેન્ટર
(૮) મધુર પાર્લર સે-૩ ન્યુ જલારામ કોમ્પલેક્ષ
(૯) ગ-૨

ગ્રામ્ય વિસ્તાર :

(૧) વાવોલ
(૨) કોલવડા (પટેલ ભાગોળ)
(૩) કોલવડા (દરબાર ભાગોળ)
(૪) આદરજ મોટી
(૫) રૂપાલ
(૬) ટીંટોડા
(૭) ઉનાવા
(૮) વાસન મહાદેવ
(૯) પાલજ
(૧૦) છાલા (૧૧) ચિલોડા
(૧૨) ઈસનપુર (૧૩) ગિયોડ

રોહિત મહેતા
મેનેજીંગ ડિરેક્ટરશ્રી

ડો. શંકરસિંહ રાણા
ચેરમેનશ્રી